# નવસારી જિલ્લાના 13 રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરાયા

**વાહનચાલકોને** જોખમ ન ખેડવા વહીવટી તંત્રની અપીલ




નવસારીઃ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઇ છે. નદી-નાળાઓમાં પાણીની સપાટી વધતાં અને કોઝવે પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર પર સીધી અસર પડી છે. સલામતીને પ્રાથમિકતા આપતાં માર્ગ અને મકાન વિભાગે જિલ્લાના કુલ 13 માર્ગો પર તાત્કાલિક અસરથી અવરજવર સ્થગિત કરી છે. જિલ્લા વહીવટી તંત્રના અહેવાલ મુજબ 2 જુલાઈ, 2026ના રોજ સવારે 9:30 કલાકની સ્થિતિએ નવસારી તાલુકાના 12 અને જલાલપોર તાલુકાના એક માર્ગ પર ડીપ કોઝવે તેમજ સ્લેબ ડ્રેઈન ઉપરથી પાણી વહેતું હોવાથી વાહન વ્યવહાર જોખમી બન્યો હતો. પરિણામે તમામ અસરગ્રસ્ત માર્ગો પર સુરક્ષાના ભાગરૂપે અવરજવર રોકી દેવામાં આવી છે.

અસરગ્રસ્ત માર્ગોમાં વચ્છરવાડ-નિહાલી, સોણા-સંદલપુર, ખડસુપા-ઉન, ઉગત નવાપુરા-દેદવાસણ, પારડી-સદલાવ, પારડી પંચાયત ઘર-સદલાવ તેમજ સુપા-પેરા-કુચેદ સહિતના મહત્વના માર્ગોનો સમાવેશ થાય છે.

વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા મોટાભાગના સ્થળોએ વૈકલ્પિક માર્ગો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જલાલપોર તાલુકાના મંદિર બંધિયા ફળીયા હળપતિવાસથી વેડછા માર્ગ પર પાણીનું સ્તર વધુ હોવાથી હાલ કોઈ વિકલ્પ ઉપલબ્ધ નથી. અહીં પાણી ઓસર્યા બાદ જ વાહન વ્યવહાર ફરી શરૂ થઈ શકશે. માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા અનુસાર વરસાદની સ્થિતિમાં સુધારો થશે તો 3 જુલાઈ સુધીમાં તબક્કાવાર તમામ માર્ગો ફરી શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા વહીવટી તંત્રએ નાગરિકોને વરસાદી પાણીથી ઘેરાયેલા રસ્તાઓ પરથી પસાર ન થવા, જોખમ ન લેવા અને માત્ર અધિકૃત વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે.


ઉમેશ સોલંકી

# ઉમરગામમાં સતત ત્રીજા દિવસે વરસાદનું જોર યથાવત : 5.4 ઈંચ

**ભારે** વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં

ઉમરગામઃ કાળઝાળ ગરમી અને અસહ્ય બફારાથી પરેશાન ઉમરગામવાસીઓને મંગળવારથી મેઘરાજાના આગમનથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા મોટી રાહત થઈ છે. ધરતીપુત્ર રાહત અનુભવી રહ્યા છે. મંગળવાર, બુધવારે શરૂ થયેલા વરસાદનું જોર ગુરુવારે પણ યથાવત જોવા મળ્યું હતું. ગુરુવારે સાંજના ચાર વાગ્યા સુધીમાં પૂરા થતા 24 કલાકમાં 135 મી મી (5.4 ઈંચ) વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ 443 મી.મી (18 ઈંચ ) નોંધાવા પામ્યો છે. સતત ત્રણ દિવસથી વરસી રહેલા સારા વરસાદના કારણે ખેડૂતોમાં પણ ખુશી છવાયેલી જોવા મળી રહે છે. વરસાદના કારણે કેટલીક જગ્યાએ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

# નવસારીમાં 2.5 ઈંચથી વધુ વરસાદ, અનેક સ્થળે પાણી ભરાયાં

**જલાલપોર**, ગણદેવી અને ખેરગામમાં પણ ધોધાર વરસાદ પડ્યો

નવસારીઃ નવસારી જિલ્લામાં બુધવારની મોડી રાતથી શરૂ થયેલા વરસાદે સમગ્ર જિલ્લાને તરબોળ કરી દીધો હતો. સતત વરસેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવા અને માર્ગ વ્યવહારને અસર થતાં વહીવટી તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયું છે. હવામાન વિભાગના વરસાદી આંકડા મુજબ બુધવારની રાત્રિ દરમિયાન નવસારી તાલુકામાં 66 મીમી, ગણદેવીમાં 63 મીમી, જલાલપોરમાં 60 મીમી, ખેરગામમાં 59 મીમી, ચીખલીમાં 28 મીમી અને વાંસદામાં 16 મીમી વરસાદ નોંધાયો હતો. ગુરુવારે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી વરસાદનું પ્રમાણ ઘટ્યું હોવા છતાં જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન ખેરગામમાં 22 મીમી, વાંસદામાં 18 મીમી, ગણદેવીમાં 9 મીમી, જલાલપોરમાં 8 મીમી અને નવસારીમાં 2 મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન નવસારી જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.



## ગણદેવી ૩.૩ ઇંચ વાવણી લાયક વરસાદ

બીલીમોરાઃ હવામાન ખાતાની આગાહી વચ્ચે બુધ-ગુરુવારે વાવણીલાયક વરસાદ વરસતા જગતના તાતના જીવમાં જીવ આવ્યો હતો અને ડાંગર વાવણીમાં જોતરાયો હતો. ગણદેવી તાલુકામાં ૮૪ મીમી (૩.૩૬ ઈંચ) જેમાં બુધવાર રાત્રે ૧૦થી ૧૨ વચ્ચે સાંબેલાધાર ૫૧ મીમી વરસાદ વરસતા અસ્સલ ચોમાસું જામ્યું હતું. ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં છાપર ગામથી માછીયાવાસણ, ભાગાતળાવ જતાં માર્ગ ઉપર ડિજીવીસીએલનાં વીજપોલ નમી પડ્યા હતા. વાવણી લાયક વરસાદ વરસતા ખેડૂતોને મોટી રાહત પહોંચી છે.

# ચીખલીના એક ગામની સગીરાને ખૂદ માસાએ ગર્ભવતી બનાવી દીધી

**છ** માસનો ગર્ભ રહેતા ભાંડો ફૂટ્યોઃ માસાની ધરપકડ

સગીરાની એકલતાનો લાભ લઇ માસાએ વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો

ઘેજઃ ચીખલી તાલુકાના એક ગામમાં રહેતી ૧૪ વર્ષ અને ૧૦ માસ ની સગીરાએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. જેમાં બે વિષયમાં નાપાસ થતા ફરી ૨૦-દિવસ પૂર્વે પૂરક પરીક્ષા આપી મામાને ત્યાં રહેવા જતા તે દરમિયાન સગીરાનું પેટ સામાન્ય કરતા મોટું દેખાતા જે બાબતે સગીરાની માતાએ પૂછપરછ કરતા જણાવેલ કે માસા મુકેશ નાયકા પટેલે (રહે.તા.ગણદેવી જિ.નવસારી)એ ડિસેમ્બર મહિનામાં હું ઘરમાં એકલી હતી તે વખતે બપોરના સમયે ઘરનું બારણું બંધ કરી મોઢું દબાવી જબરદસ્તી કરી શારીરિક સંબંધ બાંધ્યો હતો. એ સાથે ધમકી પણ આપી હતી કે તું તારા મમ્મી-પપ્પા ને કે કોઈને પણ કહેશે તો તને અને તારા પરિવારને મારી નાંખીશ, ત્યારબાદ પણ સગીરાની એકલતાનો લાભ લઈ નરાધમ માસાએ સપ્તાહમાં બે વખત જબરદસ્તી શારીરિક સબંધ બાંધી સગીરાને તેમજ તેના પરિવારને ફરી પણ મારી નાંખવાની ધમકી આપી હતી.

સગીરાને માસિક પણ ન આવતા માતાને સમયસર માસિક આવતું હોવાની ખોટી હકીકત જણાવતી હતી. જ્યારે સગીરાએ માતાને સમગ્ર બાબતની આપવીતી જણાવતા ડોકટર પાસે રિપોર્ટ કરાવતા છ માસનો ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગણદેવી તાલુકાના મુકેશ નાયકા પટેલ સામે પોક્સો અને બળાત્કારનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. વધુ તપાસ પીઆઇ-પી.બી.પટેલિયા કરી રહ્યા છે.

## ક્યાં જાઉં? કપિરાજ સાથે ચાલકે કાર હંકારતા રોષ સાથે કુતુહલ



નિલેશ કાપડિયા

■ વાંસદાના આંબાબારી ગામ નજીક કારના બોનેટ ઉપર કપિરાજ બેઠો હોવા છતાં કારચાલકે વાહન દોડાવી બેદરકારીનું પ્રદર્શન કર્યું હોવાનો વીડિયો સામે આવ્યા બાદ, થોડા જ દિવસોમાં મોટી ભમતી ગામે પણ પણ ચાલુ કારના બોનેટ ઉપર કપિરાજ બેઠો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ગોધાબારી ગામ નજીક આવેલા તોરણીયા ડુંગરના જંગલ વિસ્તારમાં વસવાટ કરતા કપિરાજ પૈકીનો એક રસ્તા ઉપર આવી કારના બોનેટ ઉપર ચડી ગયો હતો.

# પ્રથમ વરસાદમાં જ નવસારીના કેટલાક રસ્તાઓ ક્ષતિગ્રસ્ત બન્યા

**પ્રિ-મોન્સૂન** કામગીરી અને વિકાસ કાર્યોની ગુણવત્તા સંદર્ભે વિચારવાની જરૂર



**નવસારીઃ** શહેરમાં પડેલા પ્રથમ નોંધપાત્ર વરસાદ બાદ કેટલાક વિસ્તારોમાં રસ્તા ધસી જવા, પેવિંગ બ્લોક બેસી જવા અને પાણી ભરાવાની સ્થિતિ સામે આવતાં સ્થાનિકોમાં ચિંતા જોવા મળી છે. વરસાદ બાદ ઊભી થયેલી આ પરિસ્થિતિને પગલે પ્રિ-મોન્સૂન કામગીરી અને તાજેતરમાં પૂર્ણ થયેલા કેટલાક વિકાસ કામોની ગુણવત્તા અંગે ચર્ચા શરૂ થઈ છે.

વોર્ડ નં. 4ના મિથિલા નગરી વિસ્તારમાં આંગણવાડી નજીક રસ્તાનો એક ભાગ ધસી જતાં સ્થાનિકોએ તાત્કાલિક સમારકામની માંગ કરી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ અહીં થોડા સમય પહેલાં ગટર લાઈનનું કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વેરાવળના ટેકરા ફળિયા અને વોર્ડ નં. 2ની મુસ્લિમ સોસાયટી સહિતના કેટલાક વિસ્તારોમાં પણ ગટર લાઈનના કામ બાદ પેવિંગ બ્લોક બેસી જવાની ફરિયાદો સામે આવી છે. જેના કારણે સ્થાનિકોને અવરજવરમાં થોડી અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક જનપ્રતિનિધિઓ અને સંબંધિત વિભાગના અધિકારીઓએ અસરગ્રસ્ત સ્થળોની મુલાકાત લઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. અસરગ્રસ્ત સ્થળોએ જરૂરી સમારકામ અને સુરક્ષાના પગલાં હાથ ધરવાની ખાતરી આપવામાં આવી છે.

પ્રથમ વરસાદ બાદ સામે આવેલી આ ઘટનાઓને ધ્યાનમાં રાખીને શહેરમાં ચાલતા વિકાસ કામોની ગુણવત્તા, દેખરેખ અને વરસાદી મોસમ પહેલાં લેવામાં આવેલી તૈયારીઓની વધુ અસરકારક સમીક્ષા કરવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. સ્થાનિકોએ પણ વરસાદી મોસમ દરમિયાન આવા સ્થળોએ સમયસર સમારકામ થાય અને ભવિષ્યમાં આવી સ્થિતિ ટાળી શકાય તે માટે જરૂરી પગલાં લેવા તંત્રને અનુરોધ કર્યો છે.

# શિક્ષકો અને તબીબોના સહકારથી ઘુબડિયાનો ખેડૂતપુત્ર બન્યો ડોક્ટર

**સૌનો** સાથ ગ્રુપની રચના આ કિસ્સાના કારણે થઈ, તમામ જરૂરિયાત વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં આર્થિક અભાવ, દિવસમાં એક ટંક ભોજન, અભ્યાસ દરમિયાન આવેલી ATKT અને અનેક મુશ્કેલીઓ, સામાન્ય રીતે આવી પરિસ્થિતિમાં યુવાન પોતાનાં સપનાં છોડી દેતો હોય છે. પરંતુ ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના અંતરિયાળ વિસ્તારના ઘુબડિયા ગામના અસ્મિત સીતારામ કુંવરે સંઘર્ષ સામે ઝૂકવાને બદલે તેને જ પોતાની સફળતાનું શસ્ત્ર બનાવ્યું. ખેડૂત પરિવારમાં જન્મેલા અસ્મિતે પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદમાંથી ફર્સ્ટ ક્લાસ સાથે MBBS પૂર્ણ કરીને માત્ર પોતાના પરિવાર જ નહીં, સમગ્ર ડાંગ અને આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે. કોરોનાકાળ દરમિયાન અભ્યાસમાં અવરોધ ઊભા થતાં અસ્મિતને ATKT આવી અને આર્થિક સંકટ વધુ ઘેરું બન્યું. એક સમય એવો આવ્યો જ્યારે તેણે ડોક્ટર બનવાનું સપનું અધૂરું છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો. આ મુશ્કેલ સમયમાં માંડવીના સંવેદનશીલ શિક્ષકો અને સેવાભાવી ડોક્ટરોનું જૂથ તેના માટે દેવદૂત બનીને આવ્યું. તેમણે અસ્મિતની કોલેજ અને હોસ્ટેલની સંપૂર્ણ ફીની જવાબદારી સ્વીકારી. આ નિ:સ્વાર્થ પ્રયાસમાંથી જ 'સૌનો સાથ' ગ્રુપની શરૂઆત થઈ, જેનો હેતુ આર્થિક અભાવે કોઈપણ પ્રતિભાશાળી વિદ્યાર્થીનું શિક્ષણ અટકી ન જાય તે સુનિશ્ચિત કરવાનો છે. અસ્મિતના જીવનમાં માતાનો વિશ્વાસ પણ સૌથી મોટી શક્તિ બન્યો. મુશ્કેલ સમયમાં માતાએ તેને એક જ વાત કહી હતી કે, ગમે તેવી પરિસ્થિતિ આવે, પરંતુ તારે ડોક્ટર બનવાનું જ છે. મને વિશ્વાસ છે કે તું ચોક્કસ ડોક્ટર બનશે. માતાના આ શબ્દોએ અસ્મિતને નવી હિંમત આપી. તેણે ઘરની પરિસ્થિતિ સમજીને દિવસ-રાત મહેનત કરી, ઘણી વખત એક જ ટંક ભોજન કરીને અભ્યાસ ચાલુ રાખ્યો અને આખરે સફળતા મેળવી. હવે પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) કરીને નિષ્ણાત ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર કરવા માંગે છે.

# ચોમાસાની સાથે જ ડાંગમાં કેકડા પકડવાની પરંપરા આજે પણ જીવંત

**કરચલાને** આદિવાસી સમાજ કેકડા તરીકે ઓળખે છે


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લો તેની હરિયાળી, ગાઢ જંગલો, નદીઓ, ઝરણાં અને સમૃદ્ધ જૈવવિવિધતા માટે સમગ્ર ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. આ જૈવવિવિધતાનો એક મહત્વનો ભાગ છે મીઠા પાણીમાં જોવા મળતા કરચલા, જેને ડાંગના આદિવાસી સમાજમાં સામાન્ય રીતે કેકડા તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે ગામીત ભાષામાં તેને કુઅલી કહેવામાં આવે છે. ડાંગ પર્યાવરણ સંશોધન કેન્દ્રનાં અમિતભાઈ રાણાના જણાવ્યા મુજબ, ચોમાસાની શરૂઆત થતા જ ડાંગના આદિવાસીઓ પરંપરાગત રીતે કરચલા પકડવાની શરૂઆત કરે છે. હાલ ડાંગ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જોવા મળતી કરચલાની વિવિધ પ્રજાતિઓનું ડોક્યુમેન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, ડાંગી આદિવાસીઓ માટે કરચલા દેવ સમાન માનવામાં આવે છે. પોતાના પરંપરાગત આહારમાં પણ કરચલાનો ઉપયોગ કરે છે અને કરચલાનું સૂપ તંદુરસ્તી માટે લાભદાયી માનવામાં આવે છે. ડાંગ જિલ્લામાં મુખ્યત્વે ત્રણ પ્રકારના કરચલા જોવા મળે છે - કાળા, સફેદ તેમજ લાલ (કેસરી) રંગના કરચલા. દરેક પ્રકારની પોતાની આગવી વિશેષતા છે. કાળા કરચલા મુખ્યત્વે રાત્રિના સમયે વધુ સક્રિય હોય છે અને જોવા મળે છે, જ્યારે સફેદ અને કેસરી કરચલા દિવસ દરમિયાન વધુ જોવા મળે છે.

ડાંગી આદિવાસીઓ પેઢીઓથી પરંપરાગત પદ્ધતિઓ દ્વારા કરચલા પકડે છે. તેઓ નદી અને ઝરણામાં જાળી ગોઠવે છે તેમજ "કટવા" નામના ખાસ સાધનનો ઉપયોગ કરે છે. કટવા વાંસમાંથી બનાવવામાં આવતું પરંપરાગત સાધન છે, જે ખાસ કરીને કરચલા પકડવા માટે વપરાય છે. તેમાં માછલીના હાડકા, મરઘાના આંતરડા તથા અન્ય ખાદ્ય અવશેષો મૂકીને તેને રાત્રે નદીમાં ડૂબાડી રાખવામાં આવે છે. બીજા દિવસે સવારે તેમાં ફસાયેલા કરચલા બહાર કાઢવામાં આવે છે.

# સરીગામમાં સરાજાહેર વેપારી ઉપર લોખંડના રોડથી હુમલો

**રસ્તેથી** પસાર થતાં તમામ વાહનચાલોકને માર મારતા યુવાને વેપારીને પણ માર માર્યો

ઉમરગામઃ સરીગામમાં રહેતા ફરિયાદી મનિષસિંગ દુર્ગાબક્ષ સિંગ ઉ.વ 25 ભીલાડ મચ્છી માર્કેટમાં કપડાની દુકાન ચલાવે છે. મંગળવારે રાતના સાડા દસેક વાગ્યાના સમયે પોતાની દુકાન બંધ કરીને ઘરે જવા નીકળ્યો હતો તે વખતે પોણા અગિયારેક વાગે સરીગામ લક્ષ્મી વિદ્યાપીઠ રોડ ઈંટના ભઠ્ઠા પાસે આવતા ત્યાં રોડ ઉપર તહોમતદાર મનીષ નવીનભાઈ હળપતિ (રહેઃ સરીગામ ડુંગળી ફળિયા) હાથમાં લોખંડનો જેક ચઢાવવાનો રોડ લઈને ઊભો હતો. આવતા જતા વાહનચાલકોને અટકાવી તેઓને માર મારતો હતો. ફરિયાદીની મોટરસાયકલને પણ તેને અટકાવી હતી અને કંઈ પણ કહ્યા વગર ગાળો આપી લોખંડના રોડથી માથાના ભાગે ફટકો મારતા તે લોહી લુહાણ હાલતમાં નીચે પડી ગયો હતો.

# વાવણી સમયે રખડતાં ઢોરના ત્રાસથી ખેડૂતો પરેશાન

**અગાઉ** આ મુદ્દે રજૂઆતો થઈ ચૂકી છે આમ છતાં સમસ્યા યથાવત્ રહી



નવસારીઃ ચોમાસાની વાવણીનો સમય શરૂ થતાં નવસારી જિલ્લાના મોગાર, હંસાપોર, પરતાપોર અને મંદિર ગામના ખેડૂતો દ્વારા રખડતા ઢોરના પ્રશ્ને ફરી એકવાર જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ખેડૂતોનું કહેવું છે કે ખેતરોમાં પ્રવેશતા ઢોરના કારણે વાવેતર અને ઉભા પાકને નુકસાન થતું હોવાથી આર્થિક નુકસાનનો ભય વધી રહ્યો છે.

રજૂઆતમાં ખેડૂતોનો ઉલ્લેખ છે કે આ જ મુદ્દે અગાઉ જિલ્લા કલેક્ટર, ડીવાયએસપી તેમજ વિજલપોર અને જલાલપોર પોલીસ મથકો સમક્ષ ફરિયાદો કરવામાં આવી હતી. તે સમયે સંબંધિત પક્ષો વચ્ચે સમાધાનના પ્રયાસો થયા હતા અને ખેતરોમાં ઢોર ન છોડવા અંગે લેખિત ખાતરી પણ આપવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ હાલમાં ફરી કેટલાક વિસ્તારોમાં ઢોર ખેતરોમાં પ્રવેશી રહ્યા હોવાથી પાકને નુકસાન થવાની ફરિયાદો સામે આવી રહી છે. કેટલાક ખેડૂતોએ વિરોધ કરતાં તેમની સાથે ઉગ્ર બોલાચાલી અને ધમકીભર્યા વર્તનની પણ રજૂઆત કરી છે.

ખેડૂતોનું કહેવું છે કે વાવણીની વ્યસ્ત મોસમ દરમિયાન દિવસ-રાત ખેતરોની દેખરેખ રાખવી વ્યવહારિક રીતે શક્ય નથી. તેથી અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયમિત દેખરેખ, રખડતા ઢોર પર નિયંત્રણ અને કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરીને ખેડૂતોના પાકનું રક્ષણ કરવામાં આવે તેવી તેમણે માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં બીમારીએ યુવાનનો ભોગ લીધો

નવસારીઃ નવસારી જિલ્લામાં બે અલગ-અલગ ઘટનાઓમાં બે વ્યક્તિઓનાં મોત થયા છે. વિજલપોર પોલીસ મથક વિસ્તારમાં રાજેશભાઈ બાજુભાઈ મંડોલ (ઉ.વ. 52)નું અવસાન થયું છે, જ્યારે નવસારી ગ્રામ્ય પોલીસ મથક વિસ્તારમાં શૈલેષ ફકીરભાઈ પટેલ (ઉ.વ. 27)નું બીમારીને કારણે સારવાર દરમિયાન મોત થયું હતું. બંને બનાવોમાં સંબંધિત પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### પારનેરા સાર્વજનિક માધ્યમિક શાળામાં બાથરૂમ અને શૌચાલયોનું લોકાર્પણ



વલસાડઃ પારનેરા ગામની સાર્વજનિક માધ્યમિક શાળાના છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સુવિધા અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને અતુલ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા નિર્માણ કરાયેલાં 5 શૌચાલયો અને 5 બાથરૂમોનું અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ કંપનીનાં અધિકારીઓ, શાળાનાં ટ્રસ્ટી રાજેશભાઈ, પારનેરા ગામનાં સરપંચ ભરતભાઈ પટેલ, શાળાનાં શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ટ્રસ્ટી રાજેશભાઈએ અતુલ કંપની અને અતુલ ફાઉન્ડેશન સંસ્થાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, અતુલ કંપની દ્વારા અગાઉ પણ ઘણી મદદ કરવામાં આવી છે. આ નવી સુવિધાઓથી છાત્રાલયમાં રહેતા ૮૦થી ૯૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે. ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું કે, શિક્ષણ અને સ્વચ્છતાના ક્ષેત્રમાં સમાજને ઉપયોગી સેવાકીય કાર્યો માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે અને ભવિષ્યમાં પણ આવા લોકોપયોગી કાર્યો કરવા માટે તત્પર છે.

### ગુમ થયેલા 9 વર્ષના બાળકને સરીગમ પોલીસે ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યો




ઉમરગામઃ ઉમરગામ તાલુકાના સરીગામ કારિયામાર દાસની ચાલમાં રહેતા યુપી વાસી પરિવારનો એક નવ વર્ષની ઉંમરનો બાળ કિશોર બુધવારે સવારે 8:30 વાગ્યાના સમયે ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી જતા ચિંતાતુર પરિવારે શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો ન લાગતા આખરે જાણ સરીગામ પોલીસને કરી હતી. સરીગામ પોલીસ સ્ટેશનના પીઆઇ બી આર બેરાએ પોતાના ઉચ્ચ પોલીસ અધિકારીનું માર્ગદર્શન મેળવી અલગ-અલગ ટીમો બનાવી બાળકને શોધવા કામે લાગ્યા હતા. આજુબાજુના સીસીટીવી કેમેરા ચેક કરતા બાળક આજુબાજુના વિસ્તારમાં ફરતો હોવાનું જણાય આવતા તેને ગણતરીના કલાકોમાં શોધી કાઢી મિશન મિલાપ અંતર્ગત પરિવાર સાથે પુન:મિલાપ કરાવ્યું હતું.